ગાંધીનગર સમાચાર

તા. ૨૦-૬-૨૦૧૩, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

શિવના સામ્રાજ્યમાં જળતાંડવ

ખરું ચોમાસું બેસે એ પહેલાં જ ઉત્તરાખંડ અને દેવતાત્મા હિમાલયની ગોદમાં વસેલા અન્ય પ્રદેશોમાં ભારે વરસાદ થતાં હાહાકાર મચી ગયો છે. ભાગીરથી, અસીગંગા, અલકનંદા વગેરે નદીઓ ભેગી થઈને પતિત પાવની ગંગા બને છે. ગંગા સ્નાનથી પાપ ધોવાઈ જતાં હોવાની માન્યતા છે પણ અહીં તો ગાંડીતૂર થયેલી સુરસરિતાએ ઋષિકેશમાં શિવજીની પ્રતિમાને ધરાશાયી કરી દીધી છે. ઉત્તરકાશીમાં પત્તાંના મહેલની જેમ અસંખ્ય પાકાં મકાન અસીગંગા અને ભાગીરથીનાં વિકરાળ ઉદરમાં ઓરાઈ ગયાં છે. દ્વાદશ જ્યોતિર્લિંગોમાં કેદારનાથનો મહિમા આપણા સોમનાથ જેટલો જ છે. બદરીનાથનાં દર્શન કરનાર કેદારેશ્વરનાં દર્શન કર્યા વગર પાછો ફરે તો એના જાત્રા નિરર્થક ગણાય છે. ચારધામની પુણ્યપ્રદા યાત્રાનો આખરી પડાવ ગણાતા કેદારનાથ એ ભગવાન ભોળાનાથનું કૈલાસ જેવું જ વૈકલ્પિક નિવાસસ્થાન છે. પરંતુ આ વખતના અનરાધાર મેઘતાંડવથી આખી શિવનગરી નેસ્તનાબૂદ થઈ જવા પામી છે. ફક્ત કેદારનાથનું પુરાતન મંદિર બચ્યું છે. એની આગળ પાછળનાં બાંધકામ અને રામવાડા બજાર ધરાશાયી થઈ ગયાં છે. જાણે આભમાંથી પહાડ પર મોત વરસ્યું હોય એવી સ્થિતિ સરજાઈ છે. અનેક શ્રદ્ધાળુઓ ધસી પડેલા કાટમાળ નીચે દટાઈ ગયા છે. શ્રદ્ધાળુ જનમાનસ તો એમ જ માનવાનું કે મૃત્યુના દેવની સાક્ષીએ એમનો મોક્ષ થઈ ગયો છે. રુદ્રપ્રયાગ અને શ્રીનગર કસ્બાની પણ એવી જ દુર્દશા થઈ છે. ચમૌલીમાં યાત્રાળુઓને બચાવવા માટે કાર્યરત સેનાના જવાનો તણાઈ ગયા છે. ઓછામાં ઓછાં સો-બસો મૃત્યુ નોંધાયાં છે. જો કે સાચો આંકડો તો એથી ઘણો વધારે હશે કારણ કે અસંખ્ય લોકો 'લાપતા' છે, જેમાં આપણા ગુજરાતી તીર્થયાત્રીઓનો પણ સમાવેશ થાય છે. કેદારનાથમાં થયેલ મૃત્યુતાંડવથી આ તીર્થ આગામી ત્રણેક વર્ષ સુધી ઉજ્જડ બની રહેશે. વડાપ્રધાન અને સોનિયા ગાંધીએ હવાઈ નિરીક્ષણ કર્યું છે. સુષમા સ્વરાજે રાજકીય લાભ ઉઠાવતું નિવેદન કર્યું છે. ગાંડીતૂર યમુનાએ દિલ્હીમાં પણ ભયજનક સપાટી વટાવી દીધી છે અને રસ્તે આવતા હરિયાણામાં પણ કાળો કેર વરતાવ્યો છે. વિવિધ સ્તરેથી બચાવ અને રાહત કામગીરી શરૂ થઈ છે. વડાપ્રધાનથી લઈ વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ પોતપોતાના ગજા મુજબની કુમક લઈ મદદે ધાયા છે પરંતુ લાખ રૂપિયાનો સવાલ એ જ રહ્યા કરે છે કે આ એકવીસમી સદીમાં પણ આપણે કુદરતી આફતો સામે હાથ જોડીને બેસી રહેવું પડે તે કેવી લાચારી છે! બધા જાણે છે કે હિમાલય પોચી માટીના જળકૃત ખડકોથી રચાયેલી પર્વતમાળા છે. જરા સરખો પલળે કે ભૂસ્ખલન થવા લાગે છે. દર વર્ષે રસ્તાઓ રૂંધાય છે, યાત્રાળુઓ ફસાય છે. અસંખ્ય મનુષ્યો અને પ્રાણીઓની જાનહાનિ અને કરોડોની સંપતિનો નાશ થયા કરે છે. આ બધું વરસોવરસ બનતું રહેતું હોવા છતાં આપણી સરકાર હજી સુધી હિમાલયની ગોદમાં રહેનાર નિર્દોષ પહાડવાસીઓને કે શ્રદ્ધાથી પ્રેરાઈને જોખમ ખેડતા યાત્રાળુઓને સુરક્ષાની ખાતરી નથી આપી શકી તે શું દુનિયાની ત્રીજી કે ચોથી મહાસત્તા ગણાતા આ દેશ માટે શરમજનક ઘટના નથી? તોફાનો, પૂર અને વાવાઝોડાં તો બીજા દેશોમાં પણ આવે છે. પરંતુ ત્યાં જાનહાનિ જવલ્લે જ થતી હોય છે. આપણે ક્યાં સુધી ભોળાનાથના ભરોસે જીવ્યા કરીશું ? ખુદ ભગવાનનું ઘર પણ સલામત ન હોય તેવા સંજોગોમાં માનવીએ પોતાની સલામતી તો પોતે જ ગોઠવવી રહી. પર્યાવરણનો નિરંકુશ બનીને ખુરદો બોલાવનારા માનવી પર કુદરતનો કોપ ઊતરે ત્યારે એણે ચેતી જવું જોઈએ. ઉત્તરાખંડના જળતાંડવ દ્વારા કદાચ મૃત્યુના દેવ મહાદેવ આવો જ કંઈક સંદેશ આપવા માગતા હોય એમ પણ બને!

નાણાં મંત્રી નિતીનભાઈ કલોલ શહેરની શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવશે

ગાંધીનગર જિલ્લામાં આજથી શહેરી કક્ષાના ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમનો આરંભ થઈ રહ્યો છે. કલોલ શહેરની નંદલાલ ચોકની શાળા નંબર-૪માં આજે જિલ્લા પ્રભારી મંત્રી અને નાણાં મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ ધોરણ-૧ અને આંગણવાડીના બાળકોને કંકુ તિલક કરી મોઢું મીઠું કરાવી પ્રવેશવિધિ સંપન્ન કરાવશે.

તે ઉપરાંત જિલ્લા પ્રભારી મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ સવારના ૧૦ કલાકે કલોલ શહેરની શાળા નંબર-૯ (આઈસ ફેક્ટરી), અને સવારના ૧૧ કલાકે ગાંધીનગરની સેક્ટર-૨૭ની પ્રાથમિક શાળામાં ધોરણ-૧ ના બાળકોની પ્રવેશવિધિ સંપન્ન કરાવશે. તેમજ આંગણવાડીના બાળકોને રમકડાંની કિટ્સ, ડ્રોઈંગ બુક અને કલર આપીને પ્રવેશવિધિ સંપન્ન કરાવશે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં તા. ૨૦મી જૂન-, ૨૦૧૩ના રોજ સવારના ૮.૩૦ કલાકે સેક્ટર-૨ની સરકારી પ્રાથમિક શાળામાં ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, સવારના ૮ કલાકે બોરીજની સરકારી પ્રાથમિક શાળામાં મહાનગર પાલિકા, ગાંધીનગરના કમિશનર એલ.પી. પાડલિયા, સવારના ૧૧.૦૦ કલાકે સેક્ટર-૨૦ની સરકારી પ્રાથમિક શાળામાં નર્મદા, વોટર રીસોર્સીસ વોટર સપ્લાય અને કલ્પસર વિભાગના અગ્ર સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા અને સાંજના ૪.૦૦ કલાકે સેક્ટર-૩ની સરકારી પ્રાથમિક શાળામાં મહાનગરપાલિકા, ગાંધીનગરના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી આશિષભાઈ દવે બાળકોને કંકુ તિલક કરી પ્રવેશવિધિ સંપન્ન કરાવશે.

તે ઉપરાંત તા. ૨૦મી જૂનના રોજ નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી ડૉ. એમ.કે. પાટડીયા સેક્ટર-૨૩ની સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૪ની સરકારી પ્રાથમિક શાળા નંબર-૧ અને સેક્ટર-૨૭ની સરકારી પ્રાથમિક શાળામાં બાળકોની પ્રવેશવિધિ સંપન્ન કરાવશે.

શિવરંજની દ્વારા ૨૧મીએ વિશ્વ સંગીત દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં આવેલ તમામ સર્કલોને નામાભિધાનથી નવાજવામાં આવ્યા છે. જેમાં ગ-૧ સર્કલને સંગીત સર્કલ નામ તે ખૂબ જ આનંદમા વાત છે. ૨૧મી જૂને વિશ્વ સંગીત દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. શિવરંજની દ્વારા વિશ્વ સંગીત દિવસને સંગીત સર્કલ સાથે જોડીને સર્કલ ખાતે બે વર્ષથી ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૨૧મી જૂને વિશ્વસંગીત દિવસના રોજ સવારે ૮.૦૦ કલાકે સંગીત સર્કલ (ગ-૧ સર્કલ) ખાતે લાઈવ સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

પોલીસ બેન્ડની સુરાવલી, સ્થાનિક કલાકારોની પ્રસ્તુતિ જાણીતા લોકગાયક દ્વારા સંગીતના વિવિધ પ્રકાર રજૂ કરીને વિશ્વ સંગીત દિને સંગીતને ખાસ પ્રકારે અંજલિ આપવામાં આવશે. કલાપ્રેમીએ ઉપસ્થિત રહેવા જણાવેલ છે. શિવરંજની સંસ્થાએ આ સર્કલને વિકસાવવા દત્તક લેવાની રજૂઆત કરેલ છે.



ચોથા ધોરણનાં ચોપડા લેવા આવ્યા છો, તો ખાલી ખિસ્સામાં પૈસા લાવ્યે પૂરો સેટ નહીં આવે, લો, આ બેગ કાલે અડધી ભરાય તેટલા રૂપિયા લેતા આવજો...!

ગાંધીનગરના માસ્ટર્સ એથ્લેટસ રાષ્ટ્રીયકક્ષાએ ભાગ લેવા બેંગ્લોર જશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર માસ્ટર્સ એથ્લેટિક એસોસીએશનની સામાન્ય સભા તા. ૧૬-૬-૨૦૧૩ના રોજ વિશ્રામગૃહ ગાંધીનગર ખાતે સંસ્થાના પ્રમુખશ્રી દિનેશસિંહ ચાવડાના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. ગાંધીનગર શહેર જિલ્લામાંથી ઉપસ્થિત હોદ્દેદારો અને સભ્યો દ્વારા માસ્ટર્સ એથ્લેટિક સ્પર્ધાઓની પ્રવૃત્તિ અને તેના વિકાસ માટે ચર્ચા કરવામાં આવી. સૌ સભ્યોના મહત્વપૂર્ણ સુચનોને ધ્યાનમાં લઈ ભવિષ્યમાં રાજયકક્ષાની સ્પર્ધા ગાંધીનગર ખાતે આયોજીત કરવા વિચારણા કરવામાં આવી. સભામાં આગામી પાંચ વર્ષની કારોબારી કમિટીની રચના કરવામાં આવી. પ્રમુખ તરીકે શ્રી દિનેશસિંહ ચાવડા અને માનદમંત્રી તરીકે શ્રી દશરથસિંહ ચૌહાણની વરણી કરવામાં આવી. અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે શ્રી ઘનશ્યામભાઈ પટેલ, સહમંત્રી તરીકે શ્રી કે.કે. પટેલ, ખજાનચી તરીકે શ્રી કિશોરસિંહ ગોહીલ અને મહિલા પ્રતિનિધિ તરીકે શ્રીમતી ઈન્દુબેન નિમાવતની વરણી કરવામાં આવી હતી.

તા. ૨૬-૬-૨૦૧૩થી તા. ૧-૭-૨૦૧૩ સુધી બેંગ્લોર મુકામે આયોજીત રાષ્ટ્રીય એથ્લેટિક સ્પર્ધામાં ભાગ લેવા જતા ખેલાડીઓ સર્વ શ્રી (૧) એમ.બી. કટારા (૨) શ્રી એન.પી. મહેતા (૩) શ્રી કે.કે. પટેલ (૪) શ્રી હસમુખભાઈ પટેલ (૫) શ્રીમતી એમ.બી. ભાઈજી અને (૬) શ્રીમતી શારદાબેન પાંડવનું સન્માન કરી સ્પર્ધાઓમાં પ્રસંશનીય દેખાવ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. રાજયકક્ષાની સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ શ્રીમતી ઈન્દુબેન નિમાવતનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

કોલવડાની કે. કે. પટેલ વિદ્યાલયનું ૯૪.૩૨ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૧૯

કોલવડા ગામની કે.કે. પટેલ વિદ્યાલયમાં ચાલુ સાલે લેવાયેલી માધ્યમિક શિક્ષણ બોર્ડ એસ.એસ.સી. પરીક્ષાનું પરિણામ ૯૪.૩૨ ટકા આવેલ છે. શાળાના ૧૪૧ વિદ્યાર્થીઓમાંથી ૧૩૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે. જેમાંથી ૧૦થી વધારે વિદ્યાર્થીઓને ૭૫ ટકાથી વધારે ગુણ સાથે સફળ થયેલ છે. જેમાં શાળામાં પ્રથમ સુથાર ગૌરવ રાજેશભાઈ ૯૪.૯૬, બીજા નંબરે પરમાર અંકિત ગિરીશભાઈ ૯૪.૪૨, ત્રીજા નંબરે પ્રજાપતિ સંદિપ વિષ્ણુભાઈ ૯૩.૯૮ ટકા સાથે સ્થાન પ્રાપ્ત કર્યું છે. લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્યા ભાવનાબા વાઘેલા તેમજ કોલવડા કેળવણી મંડળના ટ્રસ્ટીઓ તથા પ્રમુખ દ્વારા અભિનંદન

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ જોગ

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૫ ખાતે આવેલ સરકારી વિનયન કોલેજમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું સેન્ટર આવેલું છે. જેમાં બી.પી.પી., સી.સી.સી., સી.આઈ.સી., બી.એ., એમ.એ., એન.જી.ઓ. સહિતના વિવિધ અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા તા. ૫મી જુલાઈ-૨૦૧૩ના રોજ સુધી ચાલશે ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા ઈચ્છુક ઉમેદવારોએ પ્રવેશ માટે સેન્ટરનો સંપર્ક કરવો.

જલુદ ગાયત્રી માધ્યમિક શાળાનું ધોરણ-૧૦નું પરિણામ ૧૦૦ ટકા

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ એસ.એસ.સી. દ્વારા તાજેતરમાં લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષામાં ગાયત્રી માધ્યમિક શાળા જલુદનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે. જેથી ગ્રામજનો તેમજ શાળા પરિવાર સવિશેષ મેનેજીંગ ટ્રસ્ટી ઈશ્વરભાઈ પટેલ દ્વારા તમામ વિદ્યાર્થી તેમજ સ્ટાફનો આભાર માનવામાં આવ્યો હતો.

વિખ્યાત બુકસ્ટોર ક્રોસવર્ડની ૮૨મી શાખાનો ગાંધીનગરમાં આજથી શુભારંભ

ગાંધીનગર, તા.૧૯

પુસ્તક વિક્રેતાઓના ક્ષેત્રમાં આગવું નામ ધરાવતા ક્રોસવર્ડ નો ગાંધીનગરના ઈન્ફોસીટી ખાતે શુભારંભ થઈ રહ્યો છે. સાંસ્કૃતિક નગરની ઓળખ મેળવી રહેલા ગાંધીનગરમાં વસતા સાહિત્યરસિકો માટે, ખ્યાતિ પ્રાપ્ત ક્રોસવર્ડ હવે પાટનગરના આંગણે શરૂ થઈ રહ્યુ છે.

સરસ્વતીના ઉપાસકો માટે ગાંધીનગરના ઈન્ફોસીટી ખાતે આવેલા સુપરમોલ-૨ ના ગ્રાઉન્ડ ફ્લોરે શરૂ થઈ રહેલા ક્રોસવર્ડમાં પુસ્તકોની વિશાળ શ્રેણી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. એટલુ જ નહિ, વિવિધ વિષયના પુસ્તકો ઉપરાંત બાળકોનું સાહિત્ય, રમકડા, મ્યુઝિક આલ્બમ અને મૂવીની સી.ડી., ડી.વી.ડી. પણ અહિંથી મેળવી શકાશે.

ગાંધીનગર ખાતે શરૂ થઈ રહેલા આ સ્ટોરના સંચાલક શ્રીમાન કુમાર રાજ અને શ્રીમતી નિશા ચૌહાણના જણાવ્યા મુજબ સૈવી ગ્રુપ દ્વારા કરવામાં આવી રહેલા આ નવીન સાહસના કારણે નગરમાં વસતા સંગીત અને સાહિત્યના રસિયાઓની તૃષાતૃપ્તિ ઉપરાંત બહોળી માત્રામાં પસંદગીનો અવકાશ પણ ઉપલબ્ધ થશે. ૧૯૯૨ ના વર્ષમાં મુંબઈ ખાતે શરૂ કરવામાં આવેલા ક્રોસવર્ડ બુકસ્ટોરે, અત્યંત ઝડપભેર વિકાસ કરી, મેટ્રો સીટી સહિત દેશના ૨૫ મોટા શહેરોમાં ૮૨ સ્ટોર શરૂ કરી, પોતાની સફળતાની સાથોસાથ દેશવાસીઓને માહિતીપ્રદ વાંચનસામગ્રી પૂરી પાડી છે.

ગ્રાહકસંબંધી સંચાલન કાર્યક્રમ-ક્રોસવર્ડ પુસ્તક પુરસ્કાર કાર્યક્રમ, સામુદાયિક અને લેખક આધારિત કાર્યક્રમોનુ આયોજન, ખરીદીની અનૂકુળતા માટે બાસ્કેટ કે ટ્રોલી જેવી સુવિધા, કોઈ રજા વગર સાત દિવસનું અઠવાડિયું વિગેરે સુવિધાઓ અને નવીન પધ્ધતિઓ દ્વારા પુસ્તક વિક્રેતાઓની દુનિયામાં ક્રોસવર્ડે વાચકો અને ગ્રાહકોના દિલમાં આગવુ સ્થાન હાંસલ કર્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આપણા સાંસ્કૃતિક વારસાથી અર્વાચિન સમાજને વાકેફ કરવાની સાથે સાથે કાવ્યથી માંડીને વિખ્યાત લેખકોના પુસ્તકો વડે સુસજ્જ બુકસ્ટોરના માધ્યમથી, આનંદની સાથે સાથે મોટેરાઓ તથા બાળકો, માહિતીસભર વાચનસામગ્રી દ્વારા પોતાના જ્ઞાનભંડારમાં વધારો કરી શકે તેવો ક્રોસવર્ડનો ઉદ્દેશ રહેલો છે.

ક્રોસવર્ડના આવવાથી ગાંધીનગરમાં આવેલ ઈન્ફોસીટી શોપીંગ મોલમાં બીજા ઘણા બધા એક્સક્લુઝીવ આઉટલેટની સાથે સાથે એક વધુ પીંછાનો તેની કલગીમાં ઉમેરો થયો છે.

બુટ્ટા પાલડી ગામનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત રાજય માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા તાજેતરમાં લેવાયેલ પરિક્ષામાં માર્ચ ૨૦૧૩માં શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કુલ સોજાના અને બુટ્ટા પાલડી (તા. મહેસાણા) ગામના વતની પ્રહલાદભાઈ આઈ. પટેલના સુપુત્ર ઉત્સવ ૯૦.૬૭ ટકા સાથે ઉત્તીર્ણ થતા શાળા પરિવાર અને બુટ્ટા પાલડી ગામને ગૌરવ અપાવતા ગામ તેમજ પાટીદાર સમાજ તરફથી અભિનંદન પાઠવવામાં આવે છે.

રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૧૯

ઉગમણા સતાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટની કારોબારીની બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં સમાજના તેજસ્વી તારલાઓને પુરસ્કાર આપી સન્માનવામાં આવશે.

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા સમાજના ગામોના વર્ષ ૨૦૧૨-૧૩માં ધોરણ-૧૦, ૧૨, ડીપ્લોમાં ડીગ્રી, પી.એચ.ડી. સહિતના અન્ય અભ્યાસક્રમમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપી ઈનામ, શિલ્ડ-પ્રમાણપત્ર આપવામાં આવશે. ૨૦૧૩માં ધોરણ-૭, ૮ અને ૯માં ઉત્તીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને ચોપડા આપવામાં આવશે. આ અંગેના ફોર્મ અને માર્કશીટની ઝેરોક્ષ નકલ તા. ૨૯મી જૂન-૨૦૧૩ના રોજ સુધીમાં ટ્રસ્ટના હોદ્દેદારો, કારોબારી સભ્ય આત્મારામ યુ. પરમાર (રાંધેજાવાળા) એન.એમ. મોઢવાડિયા (સે. ૧૪ પ્લોટ નં. ૧૫૭/૧ ગાંધીનગર) જયંતિભાઈ પરમાર (કોલવડા), ખોદીદાસ પરમાર (કોલવડા), પ્રમુખ પી.જે. રાઠોડ (૧૩૨૫, શિવમ સોસાયટી સે. ૨૭), ઉપર દર્શાવેલ નામ સરનામાની જગ્યાએ પણ ફોર્મ જમા કરાવી શકો છો. તેવું મહામંત્રી પી.જે. રાઠોડે અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગુરૂવારની ગપસપ

- પ્રકાશ લાલા

"રાજકીય ગઠબંધનનું તો એવું જ ભાઇ... ફાવ્યું ત્યાં સુધી ઠીક, નહીં તો 'છૂટેછેડા' અને કહી દેવાનું 'તું' તારે ઘેર, હું મારે ઘેર..." લાલાકાકાએ માંડેલા પોલિટિક્સ પુરાણ સાથે ગુજરાતી નાટકોનાં ટાઇટલ જોડ્યાં

"તમને ખબર છે?"

ચોકઠા પરિષદની રાત્રિ બેઠકમાં એન્ટ્રી મારતાંવેંત લાલાકાકાએ સાવ ઉડતી રકાબીની જેમ અદ્ધરતાલ તેમનો પ્રશ્ન છૂટ્ટો અમને માર્યો ને પછી ચોકઠામાં ભરાયેલાં ખાબોચિયાં વચ્ચે કોરી જગ્યા જોઇને અમે બધાં બેઠા હતા ત્યાં કાકા ગોઠવાઇ ગયાં.

પટેલભાઇએ પૂછ્યું : "શેની ખબર, અંકલ?"

"અરે યાર, ગઇકાલની જેમ આજે રાત્રે વરસાદ આવશે કે નહીં એની સ્તો. ખરૂં ને કાકા?" મોંમાં પાનમસાલા સાથે પંચાલભાઇ બોલ્યા એટલે શબ્દોની સાથે એમનાં મોંમાંથી તમાકું મિશ્રિત થૂંક પણ બહાર આવી ગયું.

ગુસ્સાથી રેડ અંકલ બોલી ઊઠ્યા : "એ મસાલાખાઉં, તારા મોંમાંથી વરસાદ ના વરસાવ અને વરસાદની વાત નથી. તમે લોકો હવામાનશાસ્ત્રી છો કે તમને વરસાદના ખબર પૂછું?"

"તો પછી કાકા, શેની વાત કરો છો?" અમે પૂછ્યું.

"જૂની રંગભૂમિનું એક નાટક હતું 'છૂટાછેડા.' એની તમને ખબર છે એમ પૂછતો હતો..."

"ના કાકા, અમે તમારા જેવા જૂના થોડા છીએ તે અમને જૂની રંગભૂમિના નાટકની ખબર હોય!" પટેલે પાછો કાકાને કાંકરીચાળો કર્યો.

"જૂની રંગભૂમિનું એ 'છૂટાછેડા' નાટક ખૂબ ચાલેલું..." પટેલનું સાંભળ્યા વગર લાલાકાકા બોલ્યા.

"હા પણ કાકા, અત્યારે એ નાટકનું શું છે? હવે તમે ભજવવાનો છો, એ જૂની રંગભૂમિનું નાટક 'છૂટાછેડા?'" પંચાલભાઇએ અકળાઇને પાનમસાલાની પીચકારી મારીને પૂછ્યું.

"સાંભળ એ મસાલાખાઉં..." લાલાકાકા હાઇ વોલ્યુમમાં બોલ્યા : "હમણાં દેશમાં ચાલેલી છૂટાછેડાની ડ્રામાબાજી જોઇને મને એ જૂનું નાટક યાદ આવી ગયું."

"ઓહ અંકલ! શેની વાત કરો છો?" દરજીભાઇ બોલ્યા.

"યસ અંકલ, આમ સાવ બમ્પર બોલીંગ નકો કરૂં." કુલકર્ણીજીએ પણ કહ્યું.

"કેમ અલ્યા આમચી મુંબઇ... તનેય ના સમજાયું?"

"નો"

"અરે, બિહારમાં બીજેપી અને જેડીયુંના છૂટાછેડા થઇ ગયા એની વાત છે... ન્યૂઝ ચેનલો પર ડ્રામા જોઇને મને નાટક છૂટાછેડા યાદ આવી ગયું, સમજ્યા?" લાલાકાકાએ એમના ઉડતા પ્રશ્નનો ક્યાં સાંધો છે તેની વાત કરી.

"હં... હં... ગઠબંધન તૂટ્યું યાને કે છૂટાછેડા, રાઇટ. પણ એ સમજાતું નથી કે આટઆટલા મતભેદો ને મનભેદો છતાં સત્તર સત્તર વર્ષ સુધી સંયુક્ત સંસાર ચાલ્યો કઇ રીતે?"

"સગા સૌ સ્વાર્થના...ભાઇ!! આ રાજકારણીઓનાં ખેલ જોઇને મને બીજું નાટક યાદ આવ્યું સગા સો સ્વાર્થના!!" કાકાએ કોમેન્ટ કરી.

"બિલકુલ સાચી વાત કરી, કાકા. અહીં સૌના સગપણ સ્વાર્થના જ હોય છે... સત્તાના સ્વાર્થ માટે બધાં સગાં બનીને રહે છે અને જેવો એ સ્વાર્થ પત્યો કે તરત થઇ જાય છે પેટા નાટક જેવું 'તું તારે ઘેર, હું મારે ઘેર.'"

"એનું નામ જ પોલિટિક્સ... અહીં તો 'અભી બોલા અભી ફોક...' કાકાએ પાછાં એક નાટકને યાદ કરી લીધું ને ઉમેર્યું : "અડવાણીજીના રાજીનામાનાં દ્રશ્યો કેવાં ઉત્તેજનાપૂર્ણ હતા! કેટલાક ગેલમાં આવી ગયેલાં અને કેટલાકની બોલતી બંધ થયેલી... પણ સાચુ કહું, પાર્ટીના વરિષ્ઠ સભ્ય થઇને આવું કરે તે શોભે? બીજેપીને થોડું નીચાજોણું થયું તે આ "વડીલોના વાંકે" જ ને?" વાત પુરી કરતાં લાલાકાકાએ પાછું જૂની રંગભૂમિનું વધુ એક નાટક એમની વાતમાં જોડી દીધું.

"એ તો છે જ... પણ આવું બધું ચાલે એમાં લાંબા ગાળે ઘાટ 'ઘર ફૂટ્યે ઘર જાય' જેવો થવાનો ને..." અમે ચર્ચામાં ભાગ લેતાં કહ્યું.

"પનુભાઇ, 'ઘરના જ ફરી ગયા' જેવું થાય ત્યારે પક્ષને ફટકો તો પડે જ ને!" કાકા આજે દરેક વાતમાં નાટકનાં ટાઇટલ જોડી દેવાના મૂડમાં હતા.

"પણ કાકા, પાર્ટીનું મોવડીમંડળ/કાર્યકરો સાથે "ગાજરની પીપુડી" જેવો વ્યવહાર રાખે તે ક્યાં સુધી ચલાવી લે... ખરૂં કે નહીં?" દરજીભાઇએ રેડઅંકલના પગલે પગલે એક નાટક યાદ કરી લીધું.

"રાજકારણ છે, ભાઇ... કોણ ક્યારે કોનું દોસ્ત બને કોણ ક્યારે કોનું દુશ્મન એ કળવું અઘરું હોય છે... ક્યારે "હમ સબ એક હૈ"ની માફક ફોટા પડાવશે અને ક્યારેક 'વેરની વસૂલાત' કરશે એવું નક્કી નહીં. લાંબા સમયથી ચર્ચા સાંભળી રહેલાં ગાંધી (બાપુ નહીં) ભાઇ ઉવાચ : "એમના ગઠબંધન અને એમનાં છૂટાછેડાની અસર શેરબજારના સેન્સેક્ષ પર પડી નહીં એટલું સારૂં છે..."

તમને ક્યાં ચિંતા છે? "તે ગાંધી, તમારે તો બજાર ઊંચકાય કે બજાર પછડાય બેય સંજોગોમાં સોદા કરી લેતાં સારૂં આવડે છે..." દરજીભાઇએ સર્ટિફિકેટ આપ્યું. એટલે ગાંધીભાઇએ જવાબ આપ્યો : "એ આવડતના તો પૈસા છે, ઓડિટર સોહેબ. એમને એમ લોકો અમારી પાસે ટિપ્સ લેવા નથી આવતા."

"એ ટિપ્સ લેનારામાંથી ઘણા રોયા પણ છે જ ને..." ગાંધીભાઇની સલાહ મુજબ, ગ્રેચ્યુઇટીની આવેલી રકમમાંથી શેરમાં રોકાણ કરીને ખોટ ખાઇ ચૂકેલાં દવેભાઇએ બળાપો કાઢ્યો.

"એ તો ભાઇ જેનું જેવું નશીબ. ભાગ્યશાળીનાં તો ભૂતેપ હવે અને કિસ્મતમાં લક્ષ્મીયોગ ના હોય તો પાસ અવળાય પડે..." ગાંધીભાઇએ સ્વબચાવ કરતાં દોષનો ટોપલો નશીબ ઉપર ઢોળી દીધો...

"એ તો છે જ... જુઓને ન્યુઝ ચેનલ્સ ને અખબારોવાળાનાં નશીબ અઘરાં હોય છે તે ગમે ત્યાંથી આખો દ્હાડો ચાલે તેટલાં 'બ્રેકીંગ ન્યૂઝ' કેવા મળી રહે છે! ક્યારેક અડવાણીજી, ક્યારેક નીતિશજી, શરદ પવારજી તો ક્યારેક અકસ્માત અને પ્રલયકારી વરસાદ - વાવાઝોડું, ક્યાંક બળાત્કાર, જીયા ખાનની આત્મહત્યા, દિગ્વિજયસિંહ જેવાના બફાટ, મેચ ફિક્સિંગ એમ કંઇક ને કંઇક મસાલો મદદે આવી જાય છે..." કાકાએ પાછો અમારી ચર્ચાનો ચાકડો ઘૂમાવ્યો.

"કાકા, કશું ના હોય તો કોઇક જૂનું ભૂત ધૂણાવીને આખો દિવસ કાઢી નાખવાનો કમાલનો કસબ ટી.વી. ન્યૂઝ ચેનલ્સવાળા બરાબર જાણે છે." પટેલભાઇએ પૂરક માહિતી આપી.

"અને આજકાલ તો કોઇ ન્યૂઝ ના હોય તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તો છવાયેલા હોય જ છે... શું કહો છો? મોંમાં મસાલો ઢાલવતાં પંચાલે કોમેન્ટ કરી."

"સતત પબ્લિસીટીમાં રહેવાની એવી આવડત છે બીજા કોઇનામાં?" કાકાએ કહ્યું ને ફરી એક નાટકનું ટાઇટલ જોડી દેતા ઉમેર્યું : "સી.એમ. બરાબર જાણે છે કે ક્યારે ગાજવું ને ક્યારે 'સબસે બડી ચૂપ' માં લાભ છે!!"

"સાવ સાચું બોલ્યા અંકલ, પણ ઘણીવાર બહુ ડાહ્યા માણસોય થાપ ખાઇ જાય, હોં... ગમે તેટલું કરે તો ય પાછો "ટાળ્યો ટાળ્યો તોય ગોટાળો" જ રહે." રેડ અંકલનો ચેપ લાગ્યો હોય એમ ખાસ્સા સમયથી મૂક શ્રોતા બનીને બેસી રહેલા દવેભાઇએ પણ ચર્ચામાં ઝૂકાવ્યું.

"હા, બાકી રાજકારણીઓનું તો 'કૂતરાની પૂંછડી વાંકી' જેવું જ રહેવાનું. ચૂંટણી ટાણે મતદારોને લખી લખીને પગે લાગતા નેતાજી ચૂંટાઇ ગયા પછી પ્રજા સાથે રમતા હોય છે 'સંતાકૂકડી.'"

"કાકા, ચૂંટાયેલા નેતા જનતા જોડે 'સંતાકૂકડી' રમે... તો પ્રધાનો પ્રજામત- પ્રજાકીય વિરોધની પરવા કર્યા વગર કહી દે 'એક બે ને સાડા ત્રણ' દરજીભાઇએ સૂરમાં સૂર મેળવ્યો."

"હં... કેમ કે એમને તો પાંચ વર્ષ સુધી 'લીલાલહેર' હોય છે એટલે આપણે 'દૂરના દીવા' દેખાડયા કરે ને ભોળી જનતા 'સપનાં ઉઘાડી આંખનાં' જોતી રહે છે..."

કાકાએ પાછાં બે-ચાર નાટકો યાદ કરી લીધાં.

અમે કહ્યું : "લાલાકાકા, તમે તો કમાલ કરી. પોલિટિક્સના પુરાણ સાથે ગુજરાતી નાટકોનું 'ગઠબંધન' કરી બતાવ્યું."

ત્યાં ચોકઠા પરિષદમાં નવો - સવો આવતો થયેલો લલિતે પૂછ્યું : "કાકા શું આદુ ખાવાથી પાતળા થવાય?"

"શું?" કાકા ચમક્યા : "હોતું હશે... કોણે કહ્યું?"

"રેડ અંકલ, આજના પેપરમાં સમાચાર છે કે, કરણ જોહર વજન ઉતારવા આદુ ખાઇને મંડ્યો છે, બોલો."

"શું બોલું, ભાઇ!!" કહેતાં લાલાકાકાએ જ નહીં અમે બધાએ ગુજરાતી રૂઢિપ્રયોગનો આવો અર્થ કરનાર નવયુવાનની વાત પર માથાં કૂટ્યાં.

"હેં રેડઅંકલ, પેપરમાં ન્યુઝ છે કે 'કરણ જોહર વજન ઘટાડવા આદુ ખાઇને મંડ્યો છે...' તે શું આદુ ખાવાથી પાતળા થવાય?" ચોકઠા પરિષદના યુવા સભ્ય લલિતે પૂછ્યું ને અમે સૌએ માથું કૂટ્યું